ફોરેક્સમાં નુકસાન થતાં ડ્રગ માફિયા બન્યો

બ્રિજેશ ભાલોડિયાને 3 લાખનું દેવું થઇ ગયું હતું

પરવટ પાટિયા વિસ્તારમાં આવેલા પોલારીસ મોલની 'ડીક્રિયા ફૂડ એન્ડ ફાર્મા લેબોરેટરી'માં SOG દ્વારા ડ્રગ્સ ફેક્ટરી ઝડપી પાડવામાં આવી હતી. જેમાં પકડાયેલા આરોપી અંગે પોલીસે જણાવ્યું હતું કે બ્રિજેશલાલ ભાલોડિયા સચિનની જાણીતી કંપનીમાં સિનિયર લેબ ટેક્નિશિયન તરીકે નોકરી કરતો હતો. માસ્ટર ઓફ કેમિસ્ટ્રીની ડિગ્રી હોવા છતાં તેનો પગાર માસિક રૂપિયા 30હજાર હતો. ફોરેક્સ ટ્રેડિંગમાં ઝડપથી કમાણી કરવાની લાલચે તેણે રોકાણ કર્યું, પરંતુ તેમાં ત્રણ લાખ રૂપિયાનું નુકસાન થતાં તે ભારે દેવામાં ફસાઈ ગયો.આ આર્થિક તંગીનો લાભ લઈ લંડનમાં બેઠેલા તેના મિત્ર જનક જાગાણીએ તેને બ્લૂ મેફેડ્રોન બનાવવાની ઓફર આપી હતી. દિવસ દરમિયાન સચિનની કેમિકલ કંપનીમાં પ્રામાણિક નોકરી અને રાત પડતાં જ ડ્રગ્સ મેકર–આ રીતે બ્રિજેશ 'ડબલ લાઈફ' જીવતો હતો.

આર્થિક તંગીનો લાભ લંડનના માસ્ટર માઇન્ડ જનકે ઉઠાવ્યો

આ સમગ્ર ડ્રગ્સ કાંડનો સૂત્રધાર લંડનમાં રહેતો જનક જાગાણી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જનક અને લેબ માલિક ઈશા અણઘણ કોલેજ સમયના મિત્રો હતા. આ જૂની ઓળખાણનો લાભ લઈ જનકે 'રિસર્ચ પ્રોજેક્ટ'ના બહાને લેબમાં જગ્યા અપાવવાની વ્યવસ્થા કરી હતી. પોતે વિદેશમાં રહીને ભારતમાંથી ડ્રગ્સ તૈયાર કરાવવાની યોજના તેણે અમલમાં મૂકી હતી. પોલીસ હવે જનકના વિદેશી સંપર્કો, નાણાકીય વ્યવહારો અને આંતરરાષ્ટ્રીય કનેક્શન અંગે તપાસ કરી રહી છે. આ કેસમાં વિદેશી ડ્રગ્સ નેટવર્કની સંડોવણી નકારી શકાય તેમ નથી.

રાત્રિના સમયે લેબમાં શુ થતું હતું તેની જાણકારી ન હતી : ઇશા અણઘણ

લેબની માલિક ઈશા અણઘણે દિલ્હીથી પરત ફર્યા બાદ SOG સમક્ષ હાજર થઈ નિવેદન આપ્યું છે. તેણે જણાવ્યું કે જનક સાથે કોલેજ સમયથી મિત્રતા હોવાથી તેની વાત પર વિશ્વાસ મૂક્યો હતો. બ્રિજેશ ફ્યુલ મશીનરી પર રિસર્ચ કરી રહ્યો હોવાનું કહેવામાં આવતા તેણે માનવતા અને મિત્રતાના આધારે થોડી જગ્યા ભાડે આપી હતી. દિલ્હીમાં એક્ઝિબિશનમાં ગયેલી હોવાના કારણે રાત્રિના સમયે લેબમાં શું થઈ રહ્યું છે તેની તેને કોઈ જાણ નહોતી. ઈશાએ સ્પષ્ટતા કરી છે કે ડ્રગ્સ રેકેટ સાથે તેનો કોઈ સંબંધ નથી.

દિવસે પ્રમાણિકતાથી નોકરી અને રાત્રે ડ્રગ માફિયા

તપાસમાં બહાર આવ્યું છે કે બ્રિજેશ સંપૂર્ણ રીતે 'ડબલ લાઈફ' જીવતો હતો. દિવસ દરમિયાન તે સચિન વિસ્તારમાં આવેલી કેમિકલ કંપનીમાં નિયમિત નોકરી કરતો, સહકર્મીઓમાં વિશ્વાસપાત્ર ગણાતો. પરંતુ રાત પડતાં જ તેની ઓળખ બદલાઈ જતી. રાત્રે 9 વાગ્યા બાદ તે મોલની લેબમાં પહોંચતો અને ટેક્નિશિયનમાંથી ડ્રગ્સ મેકર બની જતો. કોઈને શંકા ન જાય એ માટે તેણે પોતાની નોકરી અને ગુનાખોરીને અલગ રાખી હતી.

પતંગ ખરીદવા ડબગરવાડમાં રાત્રે ભીડ

હવે ઉત્તરાયણનો તહેવાર નજીક હોવાથી પતંગની ખરીદી માટે ડબગરવાડમાં રાત્રે ભારે ભીડ જોવા મળી રહી છે. **(તસવીર : સતીષ જાદવ)**

ગોડાદરામાં તાવમાં બે મહિનાની બાળકીનું મોત

સુરતઃ ગોડાદરામાં રહેતા જોશી પરિવારમાં બે મહિનાની બાળકીનું તાવમાં મોત થયું હતું. ગોડાદરાના દેવીકૃપા રો-હાઉસમાં રહેતા લલિતભાઈ જોશીની બે મહિનાની પુત્રી હિનલને ત્રણ દિવસથી શરદી, ખાસી અને તાવ આવી રહ્યો હતો. જેથી બાળકીની ખાનગી હોસ્પિટલમાંથી દવા લીધી હતી. પરંતુ તબિયતમાં કોઈ સુધારો થયો ન હતો. ગઈકાલે બપોરે હિનલની વધુ તબિયત લથડતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાઈ હતી. જ્યાં ફરજ પરના તબીબે હિનલને મૃત જાહેર કરી હતી.

ડિંડોલીમાં વોક પર નીકળેલી મહિલાનું બાઈકની ટક્કરે મોત

સુરતઃ ડિંડોલીમાં જમ્યા બાદ વોક પર નીકળેલી મહિલાને બાઈક ચાલકે ટક્કર મારતા મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મહારાષ્ટ્રના વતની 52 વર્ષીય વંદનાબાઈ સાલિક મરાઠે હાલ ડીંડોલી નવાગામ ખાતે આવેલ આરડી નગરમાં રહેતા હતાં. શનિવારે તેઓ બહેન સાથે ચાલવા માટે નીકળ્યા હતા. ત્યારે નવાગામ ક્રિષ્ના ડેરી પાસે બાઇક ચાલકે તેઓને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થતા હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં તેમનું મોત થયું હતું.

પિતાએ ગુટકા બાબતે ઠપકો આપતા યુવાને ફાંસો ખાધો

સુરતઃ વેડરોડમાં ગુટકાના વ્યસન માટે પિતાએ ઠપકો આપતા પુત્રએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. વેડરોડ ગુરુકૃપા સોસાયટીમાં રહેતા 21 વર્ષીય રત્નકલાકાર સચિન વેલંજભાઈ સોલંકીને ગુટકાનું વ્યસન હતું. જેથી તેના પિતાએ તે બાબતે ઠપકો આપતા સચિનને માઠું લાગી આવ્યું હતું. જેને પગલે રવિવારે બપોરે સચિને ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

નાનપુરાના શ્રીએપાર્ટમેન્ટના વોચમેનની રૂમમાંથી ૩૭ હજારની ચોરી

સુરત : નાનપુરા મક્કાઇપુલ નજીક આવેલા શ્રી એપાર્ટમેન્ટના વોચમેન રજનીકાંત ચંદુભાઈ ચેનવા પોતાના રૂમમાં આરામ કરી રહ્યા હતા. ગત તા. ૯ જાન્યુઆરીએ તેમની રૂમમાં ચોર ઘૂસી ગયો હતો અને રૂમમાંથી બેગની ચોરી કરી ગયો હતો. આ બેગમાં વિવો કંપનીનો મોબાઇલ, ચાંદીનું કડુ અને ચાંદીની ચેઇ તેમજ રોકડા રૂપિયા ૭ હજાર મળી કુલ રૂપિયા ૩૭ હજારની મત્તા હતી. વોચમેનની ફરિયાદના આધારે અઠવા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ગંદકી મળતા 6 દુકાનને સીલ કરી દેવામાં આવી : 10ને નોટિસ ફટકારાઇ

અઠવા, રાંદેર અને પાંડેસરામાં સડેલા બટાકા અને પાણીપુરીનો નાશ

સુરત : ગાંધીનગરમાં ટાઇફોઇડના કેસો દેખાયા બાદ અને ઇન્દોરમાં ઝાડા-ઉલટીના કારણે થયેલા બાદ સુરત મહાનગર પાલિકા આરોગ્ય બાબતે સતર્ક થઇ ગઇ છે. રવિવારે અઠવા ઝોન સહિત પાંડેસરા અને રાંદેર વિસ્તારમાં કરાયેલી આ કાર્યવાહી દરમિયાન ગંદકી વચ્ચે બનતો અખાદ્ય ખોરાક, સડેલા બટેટા અને દૂષિત પાણીનો મોટા પાયે નાશ કરાયો હતો.

સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોનના આરોગ્ય વિભાગે ભટાર અંબાનગર, સેકન્ડ વીઆઇપી રોડ અને અલથાણ કેનાલ રોડ સહિતના પોશ વિસ્તારોમાં આવેલી ખાણીપીણીની કુલ 74 સંસ્થાઓ પર આકસ્મિક તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અનેક સ્થળોએ ગંદકી, અયોગ્ય સંગ્રહ અને આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનું સામે આવ્યું હતું. આરોગ્ય વિભાગે અંદાજે 7 કિલો જેટલો બિનઆરોગ્યપ્રદ અને અખાદ્ય ખોરાકનો જથ્થો જપ્ત કરી સ્થળ પર જ તેનો નાશ કર્યો હતો. ખોરાકની ગુણવત્તા અને સ્વચ્છતાના માપદંડોમાં ગંભીર બેદરકારી દાખવનાર 10 દુકાનોને નોટિસ ફટકારવામાં આવી હતી, જ્યારે વારંવાર સૂચના છતાં સુધારો ન કરનાર 6 દુકાનોને પાલિકા દ્વારા તાત્કાલિક અસરથી બંધ કરાવી દેવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન નિયમોનું ઉલ્લંઘન કરનાર સંસ્થાઓ પાસેથી કુલ રૂ. 54 હજારનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ સાથે જ આરોગ્ય વિભાગે શહેરના પાંડેસરા અને રાંદેર વિસ્તારમાં પાણીપુરી બનાવવાના એકમો પર પણ કડક દરોડા પાડ્યા હતા. આશાપુરી, ગોવાલક નગર અને ક્ષેત્રપાલ નગર જેવા ગીચ વિસ્તારોમાં કરાયેલી તપાસમાં ગંદકી અને દુર્ગંધ વચ્ચે પાણીપુરી તૈયાર થતી હોવાનું સામે આવ્યું હતું. ખુલ્લામાં બટેટા બાફવામાં આવતા હતા તેમજ દૂષિત પાણીનો ઉપયોગ થતો હોવાનું પણ બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન મસાલા માટે વપરાતા બટેટા સડેલા અને જીવાતવાળા મળી આવ્યા હતા, જ્યારે પુરી તળવા માટે વારંવાર ગરમ કરેલા અને કાળા પડી ગયેલા તેલનો ઉપયોગ થતો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી આરોગ્ય વિભાગે તાત્કાલિક ધોરણે 20થી વધુ સ્થળો પર કામગીરી બંધ કરાવી હતી. હજારો લિટર દૂષિત પાણીને ગટરમાં વહાવી દેવામાં આવ્યું હતું.

'સીટમે-2026' એક્ઝિબીશન, ત્રણ દિવસમાં 34 હજારથી વધુ લોકોની મુલાકાત

સુરતઃ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઇડરી એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ યોજાયેલા 'સુરત ઈન્ટરનેશનલ ટેક્સ્ટાઈલ એન્ડ મશીનરી એક્સ્પો - સીટમે-2026'ને દેશભરમાંથી બાયર્સ, ટ્રેડર્સ અને વેપારીઓનો જબરજસ્ત પ્રતિસાદ મળ્યો છે. 9થી 12 જાન્યુઆરી 2026 દરમિયાન યોજાયેલા આ એક્ઝિબીશનમાં પ્રથમ ત્રણ દિવસમાં જ 34,148થી વધુ બાયર્સ અને વિઝીટર્સે મુલાકાત લીધી છે. ચેમ્બર પ્રમુખ નીખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, પ્રથમ દિવસે 7,082, બીજા દિવસે 11,786 અને રવિવારના ત્રીજા દિવસે 15 હજારથી વધુ વિઝીટર્સે એક્ઝિબીશનની મુલાકાત લીધી હતી. રવિવારનો દિવસ હોવાથી સીટમેમાં માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું અને તમામ પાર્કિંગ વિસ્તારો ફુલ થઈ ગયા હતા, જે આ એક્ઝિબીશનની લોકપ્રિયતા દર્શાવે છે.

કતારગામની 3 ટી.પી. સ્કીમોના વિવાદને ઉકેલવા વધુ એક વખત પાટીલની ખાતરી

સંઘર્ષ સમિતિ દ્વારા ફરી વાર સી.આર.પાટીલને રજૂઆત કરાતા સાત દિવસમાં મુખ્યમંત્રી સમક્ષ મુદ્દો રજૂ કરી ન્યાયસંગત ઉકેલનું આશ્વાસન મળ્યું

સુરતઃ કતારગામ વિસ્તારમાં વર્ષો જુની રહેણાંક સોસાયટીઓ પર લાગુ કરાયેલા ટાઉન પ્લાનિંગ રિઝર્વેશનના કારણે મિલકતદારોમાં ચિંતા અને રોષના માહોલ વચ્ચે એક કમિટી બનાવી રીઝર્વેશન રદ કરવા લડત ચલાવવામાં આવી રહી છે. અગાઉ તત્કાલિન ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ દ્વારા અપાયેલી ખાતરી બાદ પણ હજુ સુધી કોઇ નીવેડો નહીં આવતા આજે આ મુદ્દાને લઈને કતારગામ ટી.પી. સંઘર્ષ સમિતિ દ્વારા વિસ્તારના પ્રતિનિધિઓ, આગેવાનો અને સામાજિક કાર્યકરોની ઉપસ્થિતિમાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ તથા સાંસદ સી.આર. પાટીલ સમક્ષ વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત દરમિયાન વિસ્તારની વાસ્તવિક સ્થિતિ, રહેણાંક વસાહતોને પડતી મુશ્કેલીઓ, વિકાસમાં આવતી અડચણો તેમજ નાગરિકોની લાંબા સમયથી ચાલતી સમસ્યાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

સુરતના કતારગામ વિસ્તારમાં ટીપી-૪૯, ટીપી-૫૦ અને ટીપી-૫૧માં છેલ્લા અનેક વર્ષોથી અસ્તિત્વમાં રહેલી રહેણાંક સોસાયટીઓ, જાહેર રસ્તાઓ તેમજ ખુલ્લા પ્લોટ્સ પર ટાઉન પ્લાનિંગ હેઠળ રિઝર્વેશન લાગુ કરવામાં આવતા સ્થાનિક નાગરિકોમાં ભારે અસંતોષ અને ચિંતા ફેલાઈ છે. વર્ષોથી વસવાટ કરતા લોકોના મકાનો અને વિસ્તારો પર રિઝર્વેશન હોવાના કારણે વિકાસ કાર્યો અટકી ગયા હોવાનું તેમજ નાગરિકોના માલિકીના હક્કો પર ગંભીર અસર પડી રહી હોવાનું સ્થાનિકો દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

મુદ્દાની ગંભીરતા અને સંવેદનશીલતા સમજતા સાંસદ સી.આર. પાટીલે નાગરિકોના હિતમાં યોગ્ય અને ન્યાયસંગત નિર્ણય લેવાય તે માટે આગામી સાત દિવસની અંદર આ મુદ્દો મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવાની સ્પષ્ટ બાંહેધરી આપી છે. સાથે જ રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરીને વ્યવહારૂ અને કાયમી ઉકેલ લાવવામાં આવશે તેવી ખાતરી પણ તેમણે આપી હતી.

ઓનલાઈન પાર્સલ રિટર્નના બહાને ગોડાઉનમાંથી ચોરી

દિવાળી બાદ પંદર દિવસમાં રૂપિયા 3 લાખની કૃર્તી ગાયબ, આરોપી સામે ગુનો નોંધાયો

સુરત : ઓનલાઈન પાર્સલ ડિલિવરી લેવા આવતાં કર્મચારીએ જ રિટર્ન થયેલા પાર્સલોની ચોરી કરી લેતા વેપારીને મોટું નુકસાન ભોગવવું પડ્યું છે.

મૂળ વતન નાના જીંજાવદર, તાલુકો ગઢડા, જિલ્લો બોટાદના વતની અને હાલ સીમાડા રોડ યોગી ચોક ખાતે આવેલા તુલસી રો-હાઉસમાં રહેતા જયેશભાઈ ત્રિકમભાઈ સવાણી લેડીસ કૃર્તી મેન્યુફેક્ચરીંગ કરી ઓનલાઈન વેચાણનો વ્યવસાય કરે છે. તેમનો કાપોદ્રા બંબાગેટ વિસ્તારમાં તાપી ઈન્ડસ્ટ્રીઝ ખાતા નં. ૧૦ અને ૧૧માં 'શી વિયર્સ સ્ટુડિયો' નામે ઓનલાઈન ઓફિસ તથા ગોડાઉન આવેલું છે. ફરિયાદ મુજબ વર્ષ ૨૦૨૫ની દિવાળીના દિવસોથી પંદરેક દિવસની અંદર અલગ-અલગ તારીખોએ ઓનલાઈન ઓર્ડર રિટર્ન થયેલા પાર્સલો ગોડાઉનમાં સંગ્રહિત કરવામાં આવ્યા હતા. આ તમામ રિટર્ન પાર્સલોને અલગ-અલગ પોટલામાં બાંધી રાખવામાં આવ્યા હતા, જેમાં અંદાજે ૪૦૦ જેટલા પાર્સલો હતા. આ પાર્સલોની કુલ કિંમત આશરે રૂપિયા ૩,૦૦,૦૦૦ જેટલી ગણવામાં આવી છે. ઈ-કાર્ડ કંપનીમાંથી ઓનલાઈન પાર્સલોની ડિલિવરી લેવા આવતો કર્મચારી આસિક ઈસ્માલમ ઘાંચી ઓર્ડર મુજબ પાર્સલ લેવા આવતો ત્યારે રિટર્ન થયેલા આ પોટલાઓમાંથી પાર્સલો ચોરી કરી લઈ ગયો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. લાંબા સમય સુધી પાર્સલો ગાયબ હોવાનું ધ્યાનમાં આવતાં જયેશભાઈએ તપાસ કરતા ચોરીનો ખુલાસો થયો હતો. આ બનાવ અંગે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં જયેશભાઈની ફરિયાદના આધારે આરોપી આસિક ઈસ્માલમ ઘાંચી વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

પીએમ આવાસ અને નોકરીના નામે રૂ. 5.59 લાખની ઠગાઈ

9 લોકો સાથે ઠગાઇ કરનાર ઝરણાં જરીવાલા સહિત બે સામે ગુનો

સુરતઃ પાલનપોર પાટિયા સ્થિત આઈ.એન. ટેકરાવાળા સ્કૂલની પાછળ ગંગાનગર સોસાયટીમાં રહેતા 49 વર્ષીય જાગૃતિબેન આશિતભાઈ કિનખાબવાલા એલ. એન્ડ ટી કંપનીના ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરે છે, જ્યારે તેમના પતિ સુરત શહેરના એક અખબારમાં રિકવરી ડિપાર્ટમેન્ટમાં કાર્યરત છે. આરોપી ઝરણાબેન ડેનિશભાઈ જરીવાલા (રહે. વૈષ્ણોદેવી સ્કાય, ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ) અને આરોપી જીતેન્દ્રકુમાર રામ માયેકર (રહે. વૈષ્ણોદેવી સ્કાય, ડી-માર્ટ રોડ, મોરાભાગળ, મૂળ 203, સમૃદ્ધિ કોમ્પ્લેક્ષ, એરૂ ચાર રસ્તા, નવસારી)એ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ઘર અપાવવાના એજન્ટ હોવાની અને મકાન લે-વેચની દલાલી કરતી ઓફિસ ધરાવતા હોવાનું જણાવી કિનખાબવાલા દંપતીને વિશ્વાસમાં લીધા હતા. આવાસ અને નોકરીના નામે આરોપીઓએ જાગૃતિબેન પાસેથી રૂ. 84,100 ઉપરાંત તેમના સગા-સબંધીઓ પાસેથી અલગ-અલગ રકમ મળી કુલ રૂ. 5,59,700 મેળવી લીધા હતા. આ રકમ જાગૃતિબેન અને તેમના સગાઓના કોટક મહીન્દ્રા બેન્ક, ઘોડદોડ રોડ શાખાના એકાઉન્ટમાંથી આરોપી ઝરણાબેન જરીવાલા તથા જીતેન્દ્રકુમાર માયેકરના કોટક મહીન્દ્રા બેન્ક એકાઉન્ટમાં જમા કરાવી હતી હતી.લાંબા સમય સુધી કોઈ મકાન કે નોકરી ન મળતા તેમને ઠગાઈનો અહેસાસ થતાં ફરિયાદ કરી હતી. આરોપી ઝરણાબેન જરીવાલા જાગૃતિબેનના સગાભાઈ પિંકેશ અને બ્રિજેશના મિત્ર ડેનિશભાઈ જરીવાલાની પત્ની છે.

આ લોકો સાથે ઠગાઇ થઇ

» 1 - જાગૃતિબેન આશિતભાઈ કિનખાબવાલા સાથે રૂ. 84,100ની ઠગાઇ » 2 - વૈશાલી પિંકેશ તમાકુવાલાએ રૂપિયા 65,700 ગુમાવ્યા » 3 - રીટાબેન બ્રિજેશ તમાકુવાલા સાથે રૂ. 70,900ની છેતરપિંડી » 4 - છાયાબેન દીપક મિસ્ત્રી સાથે રૂ. 71,000ની ઠગાઇ » 5 - ઉષાબેન બીપીનભાઈ દાળવાલાએ રૂ. 71,900 ગુમાવ્યા » 6 - પ્રતિભાબેન હરિવદન જરીવાલા સાથે રૂ. 75,300ની ઠગાઇ » 7 - સંદીપ અશ્વિનભાઈ તમાકુવાલા સાથે રૂ. 40,000ની છેતરપિંડી » 8 - અસ્મિતાબેન ધર્મેશકુમાર રાણાએ રૂ. 54,200 ગુમાવ્યા » 9 - પૂજા જેનીશભાઈ ગોળવાલા સાથે રૂ. 26,600ની ઠગાઇ » કુલ પડાવી લેવાયેલ રકમ: રૂ. 5,59,700

ATMમાં મદદ લેવા જતાં 24,500 ગુમાવ્યા

સચીનમાં એટીએમમાં કાર્ડ ફસાઇ જતાં મજૂરે મદદ લીધી હતી તે ચીટર નીકળ્યો

સુરતઃ સચીન GIDC વિસ્તારમાં ATMમાંથી રૂપિયા ઉપાડવા ગયેલા મજૂર સાથે મદદ કરવાની આડમાં કાર્ડ બદલીને ખાતામાંથી રૂપિયા ઉપાડી લેવાતા ઠગાઈનો બનાવ સામે આવ્યો છે.

સચીન GIDC રામેશ્વરી કોલોની, રામહિતની ચાલમાં રહેતા શીવમુહર્ત ફાલગુ પ્રજાપતિ ગઇ તારીખ 17/12/2025ના રોજ ઘર નજીક આવેલા એક્સિસ બેંકના ATMમાં રૂપિયા ઉપાડવા ગયા હતા.

ત્યાં રૂપિયા તો નહીં નીકળ્યા હતાં પરંતુ ATM કાર્ડ મશીનમાં જ ફસાઈ ગયું હતું. તે સમયે પાછળ ઉભેલા એક અજાણ્યા દાઢીવાળા અને પાતળા બાંધાના આશરે 25 વર્ષની ઉંમરના યુવકે મદદ કરવાની ઓફર કરી હતી. જો કે તેણે ચાલાકીથી કાર્ડ બદલી નાંખ્યો હતો.

થોડા સમય બાદ ખાતામાંથી રૂપિયા ઉપડ્યાનો મેસેજ આવતા શીવમુહર્તને ઠગાઈ થયાનો અહેસાસ થયો હતો. બનાવ અંગે શીવમુહર્ત ફાલગુ પ્રજાપતિની ફરિયાદના આધારે સચીન જીઆઈડીસી પોલીસે ધી ઇન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એક્ટ તેમજ છેતરપિંડીની કલમો હેઠળ અજાણ્યા આરોપી સામે ગુનો નોંધ્યો છે.

પોલીસે ATMના સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ વિગતોના આધારે આરોપીની ઓળખ કરી ઝડપી પાડવા વધુ તપાસ હાથ ધરી છે.

કતારગામમાંથી 43.480 ગ્રામ એમ.ડી. સાથે એક ઝડપાયો

સુરત : શનિવારે ક્રાઇમ બ્રાન્ચની ટીમે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી માહિતીના આધારે પ્લોટ નં. 339/બી, ત્રિશુલમાલ, પ્રમુખનગર-2, કુબેરનગર-1ની બાજુમાં કતારગામ દરવાજા પાસે કાર્યવાહી કરી હતી. ત્યાંથી આરોપી નિતેશ નાથાલાલ ખાંભડિયાને પકડી પાડવામાં આવ્યો હતો.પોલીસ તપાસમાં આરોપી પાસેથી કુલ 43.480 ગ્રામ એમ.ડી. ડ્રગ્સ તથા અન્ય શંકાસ્પદ માદક પદાર્થ મળ્યો હતો. જપ્ત કરાયેલા મુદ્દામાલની કુલ કિંમત અંદાજે રૂ. 48,890 હોવાનું પોલીસ રેકોર્ડમાં નોંધાયું છે. આરોપી પાસે રોકડ રૂપિયા, મોબાઇલ ફોન તથા અન્ય વસ્તુઓ પણ કબ્જે કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપી છેલ્લા કેટલાક સમયથી શહેરમાં એમ.ડી. ડ્રગ્સનું વેચાણ કરતો હતો. પ્રાથમિક પૂછપરછમાં તે ડ્રગ્સ ક્યાંથી લાવતો હતો અને કોને સપ્લાય કરતો હતો તેની તપાસ ચાલી રહી છે.

માતાએ ઠપકો આપતા ઘર છોડ્યા બાદ ATM તોડ્યું

ભેસ્તાનમાં બીઓબીનું એટીએમ તોડી ચોરીનો પ્રયાસ કરનાર ઝડપાયો

સુરતઃભેસ્તાન પ્લેટીનમ પ્લાઝામાં આવેલા બેંક ઓફ બરોડાના એટીએમ (ATM) મશીનને તોડી ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર રીઢા તસ્કરને ભેસ્તાન પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. તેને માતાએ ઘરમાંથી કાઢી મૂક્યા બાદ આ હરકત કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગઇ તારીખ ૦૯/૦૧/૨૦૨૬ના રોજ મોડી રાત્રે આશરે ૧:૦૦ થી ૧:૨૫ વાગ્યાના સમયગાળામાં એક અજાણ્યો શખ્સ ચોરીના ઈરાદે પ્લેટીનમ પ્લાઝા સ્થિત બેંક ઓફ બરોડાના એટીએમ રૂમમાં પ્રવેશ્યો હતો.

તસ્કરે એટીએમ મશીન સાથે તોડફોડ કરી તેમાંથી રોકડ રકમ ચોરવાની કોશિશ કરી હતી, જેના કારણે મશીનના 'વોલ્ટ' દરવાજાને ભારે નુકસાન પહોંચ્યું હતું.

જેની જાણ બેંકે પોલીસને કરતાં પોલીસ પહોંચે તે પહેલાં જ તસ્કર ત્યાંથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

આ બના વની ફરિયાદ થતાં ભેસ્તાન પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસી આરોપી ફેનીલ પ્રિતેશભાઇ પટેલ (રહે. ઔરંગા બિલ્ડીંગ, સચીન હાઉસિંગ) ને ઝડપી પાડ્યો હતો. તેના પિતાનું મૃત્યુ થયું હોવાથી માતા પિયરમાં રહેવા લાગી હતી. તે મિલમાં કામ કરી ૧૫ હજાર કમાતો હતો.

છેલ્લા ૩ મહિનાથી પગાર માતાને નહીં આપતા માતાને શંકા જતા તેને ઠપકો આપ્યો હતો. માતાના ઠપકા થી ફેનીલ ૩ દિવસ પહેલા ઘરેથી નીકળી ગયો હતો. અંતે નશાની હાલતમાં એટીએમ તોડ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

બી.એસસી.નર્સિંગ અને જી.એન.એમ. વિદ્યાર્થીઓનો શપથગ્રહણ સમારોહ

સુરત : અશક્તાશ્રમ ટ્રસ્ટ સંચાલિત ટી.એન્ડ ટી.વી.ઇન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ,રામપુરા સુરતના બી.એસસી.નર્સિંગ અને જી.એન.એમ. નર્સિંગ કોર્ષ ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે માટે ઓથટેકિંગ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમારંભના મુખ્ય મહેમાન ટ્રસ્ટ હરેશ મહેતા , ટ્રસ્ટ અનલ મર્ચન્ટ અને મતી નીના મર્ચન્ટ એ ફ્લોરેન્સ નાઈન્ટીગલની સૂક્ષ્મ હાજરીમાં પ્રથમ વર્ષના નર્સિંગના વિદ્યાર્થીઓને શપથ લેવડાવ્યા હતા. સંસ્થાના પ્રિન્સીપાલ પ્રોફ. કિરણ દોમડિયા દ્વારા પ્રથમ વર્ષના જી.એન. એમ.ના વિદ્યાર્થીઓને અને વાઇસ પ્રિન્સીપાલ જિમ્મીજેમ્સ મોગરિયા એ પ્રથમ વર્ષ ના બી.એસસી.નર્સિંગના વિદ્યાર્થીઓને શપથ લેવડાવ્યા હતા.

ક્રેડાઈના GLAM સુરત પ્રોપર્ટી શો 2026ને ભવ્ય પ્રતિસાદ

સુરત. કદી ન અટકતા વિકાસ અને સતત વિસ્તરતા શહેર સુરતમાં ક્રેડાઈ સુરત દ્વારા આયોજિત GLAM સુરત પ્રોપર્ટી શો 2026ને શાનદાર પ્રતિસાદ મળ્યો છે. 9 થી 11 જાન્યુઆરી રમિયાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાલાઇન્સ ખાતે યોજાયેલા આ પ્રદર્શનમાં પ્રથમ બે દિવસમાં જ 34 હજારથી વધુ લોકો હાજરી આપી હતી. સામાન્ય બજેટના ફ્લેટથી લઈને લક્ઝરી વિલા, સ્માર્ટ ઓફિસ, કમર્શિયલ સ્પેસ તથા ઇન્ડસ્ટ્રિયલ પ્લોટ સુધી દરેક વર્ગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી પ્રોજેક્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા. 850થી વધુ ડેવલપર્સની હાજરી સાથે આ શો સુરતના GLAM એટલે કે Growth (વિકાસ), Luxury (વૈભવ), Amenities (સુવિધાઓ) અને Modernity (આધુનિકતા) ને મજબૂત રીતે પ્રદર્શિત કર્યું હતું.

જીવનભારતી મો.વ. બુનકીનું રાત્રિ રોકાણ

સુરત : જીવનભારતી મંડળ સંચાલિત મો.વ. બુનકી બાળ ભવનમાં પ્રવાસ અને રાત્રીરોકાણનું આયોજન કરવામાં આવ્યું હતુ. નર્સરી, જુનિયર કે. જી અને સિનિયર કે.જી ના બાળકોએ કામરેજ દાદાભગવાન સાયન્સ હોલીસ્ટિક રિસર્ચ સેન્ટરની મુલાકાત લીધી ત્યાં જીવનના નૈતિક મૂલ્યો શીખ્યા અને પ્રશ્નોત્તરીમાં ભાગ લીધો હતો. આચાર્યા રચનાબેન ચોખાવાળાએ એક અનોખી રીતે રાત્રી રોકાણ થાય છે તેનો હેતુ જણાવ્યો, હતો. આ કાર્યને સફળ બનાવવા વસંતભાઈ પટેલ, ચંદ્રકાંતભાઈ, મયંકભાઈ ત્રિવેદી, હરેશભાઈ જરીવાળા, વૈભવીબેન મહેતાએ જહેમત ઉઠાવી હતી.